BRAMPTON Flower City brampton.ca

fact sheet

# બ્રેમ્પટનમાં શિયાળુ ઋતુને લગતી કામગીરીઓ

## અહીં બરફ પડે ત્યારે શહેરમાં થતા કામોને લગતી માહિતી આપેલી છે:

- ✓ **સૌથી પહેલા, કર્મચારીઓ આર્ટેરિઅલ (મુખ્ય) અને કલેક્ટર (ગૌણ) રોડ્સ પર મીઠું નાખીને બરફ હટાવે છે.** આ મુખ્ય રસ્તાઓ છે જેની પર ભારે ટ્રાફિક રહેતો હોય છે, આ રસ્તાઓ બ્રેમ્પટન ટ્રાન્ઝિટ/ઝુમ રૂટ પર હોય છે, અથવા જે રસ્તા પર પીલ સેપરેટ કે પબ્લિક સ્કૂલ હોય.

- ✓ **એક વખત આર્ટેરિઅલ અને કલેક્ટર રોડ્સ સાફ થઇ જાય એટલે, કર્મચારીઓ લોકલ સ્ટ્રીટ્સ પર મીઠું નાખવાનું કામ શરૂ કરે છે.** આ તમારા પાડોશની સ્ટ્રીટ્સ છે. લોકલ સ્ટ્રીટ્સ પરથી:
  - બરફ માત્ર ત્યારે હટાવવામાં આવે છે જ્યારે એક જ તોફાનમાં ઓછામાં ઓછો 5 સે.મી. ( 2ઇંચ) જેટલો બરફ પડે.
  - આર્ટેરિઅલ રોડ્સની જેમ લાદી દેખીતી કરવા બરફ હટાવવામાં આવતો નથી. સ્ટ્રીટ પરથી બરફ હટાવ્યા પછી પણ, થોડોક બરફ જમીન પર રહે તે સામાન્ય બાબત છે,

- ✓ **શહેરી કર્મચારીગણ ઉદ્યાનોમાં પગદંડીઓ, તેમજ એ સાઇડવૉક્સ પરથી પણ બરફ હટાવીને કાંકરી નાખે છે જે હોય:**
  - આર્ટેરિઅલ રોડ પર
  - બ્રેમ્પટન ટ્રાન્ઝિટ/ઝુમ બસ રૂટ પર
  - શહેરના ઉદ્યાન કે કોઈ સગવડની આગળ
  - તમારી બેક્યાર્ડની વાડ પાછળ
  - કર્બ-ફેસ્ડ (ફૂટપાથ અને રસ્તા વચ્ચેની કિનારી) (સાઇડવૉક અને રસ્તા વચ્ચે ઘાસની પટ્ટી નહીં)

બીજા બધાં સાઇડવૉક્સ જાળવણીની જવાબદારી મિલકત માલિકની રહે છે.

કર્મચારીઓનું લક્ષ્ય હિમવર્ષા પૂરી થયાના 24 કલાકમાં તમામ રસ્તાઓ, સાઇડવૉક્સ અને પગદંડીઓ જાળવવાનું હોય છે. તેમાં વધારે સમય લાગી શકે જો હવામાન પરિસ્થિતિઓ ગંભીર બને.

## એક રહેવાસી તરીકે, અહીં તમે આ રીતે તફાવત ઊભો કરી શકો છો:

- ✓ હિમવર્ષા થયા પછીના દિવસે સવારે 11 વાગ્યા સુધીમાં તમારા ઘરની સામે અને બાજુનો સાઇડવૉક સાફ કરવો.
- ✓ તમારી મિલકતમાંથી બરફને પાવડાથી રસ્તા પર કે સાઇડવૉક પર ફેંકશો નહીં.
- ✓ કચરો આપવાના દિવસે, કર્બ (ફૂટપાથ અને રસ્તા વચ્ચેની કિનારી) પાછળની પટ્ટી પર તમારા ડ્રાઇવવૅની નીચેની તરફ તમારા કાર્ટ્સ માટેની જગ્યા ચોખ્ખી રાખો. તેને સાઇડવૉક કે રસ્તા પર રાખશો નહીં.
- ✓ હિમવર્ષા થાય ત્યારે, રસ્તા પર મીઠું નાખવાની અને બરફ હટાવવાની કામગીરી થતા સુધી રસ્તા પર કાર પાર્ક કરશો નહીં. રસ્તા પર કાર પાર્ક કરેલી હોય ત્યારે કર્મચારીઓ યોગ્ય રીતે જાળવણી કરી શકતા નથી.

## સંપર્કમાં રહો!

- ✓ વેબસાઈટ www.brampton.ca/snow 24/7 બરફ સાફ કરવાને લગતી અદ્યતન માહિતી સહિત, શિયાળુ માહિતી મેળવવા જુઓ.
- ✓ બરફની કામગીરી ક્યાં ચાલી રહી છે તે જોવા બ્રેમ્પટન પ્લાઉ ટ્રેકરનો ઉપયોગ કરો
- ✓ Twitter પર @CityBrampton ને અનુસરો અને Facebook પર City of Brampton ને લાઈક કરો